શ્રી નવીન.

ઉદયભાણ નાટકનાં ગાયનો.

શ્રીમન્ત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત

શ્રી દેશી નાટક સમાજને માટે

રચી પ્રસિદ્ધ કરનાર

ઝવેરી ડાહ્યાભાઇ ધોળશાજી.

આવૃત્તિ ૨ જી.

મુંબઇ

"આંટીયા પ્રીંટીંગ" પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૮—સને ૧૯૦૨.

કીમ્મત રૂ. ૦-૨-૦ (બે આના.)

કે. એલ. ક્ષત્રી.

તાંબુલ વિહાર.

તાંબુલ વિહારને પાનની પટ્ટીમાં એક સરસવભાર લગાડી ખાવાથી દાંતમાંની નીકળની પૈતિક ધાત, ખાંસી, દાંતની કળતર, [illegible] બદબો ઇ:દરોગો દુર થાય છે. અને એક કલાક સુધી અત્યંત ખુશબો વ્યાપી મંગજને સતોષ આપે છે.

કિમ્મત ડબ્બી ૧ ના ચાર આની.

જગત વિખ્યાત.

વસંત તેલ

આ વસંત તેલ ઉમદા તલના તેલથી બનાવવામાં આવ્યું છે. એની ખુશબો ઉત્તમ અત્તરના જેવી મનોહર છે. જેમ સવારમાં પુષ્પની કળી ખીલે છે. અને તે વખતે જે મીઠી ખુશબો પેદા થાય છે, તેવુંજ સુગંધીક આ તેલ છે. ઇસ્તમાલ કરવાથી મ:થાનું દુઃખવું, એ વખત બાલનું પાકવું, બાલનું તુટવું, આંખોની ગરમી, શરીરના ચામડાએ પડતા ડાગ, ખુજલી ઇ:રોગો દૂર થાય છે. મગજ થંડો રહે છે. અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને લખવા વાંચવાનો અભ્યાસ વિશેશ હોય છે. તેઓ સાહેબોને તો આ અતી ઉપયોગીછે.

કિમ્મત બાટલી ૧ ના આઠ આના.

ડી પી. માસ્તર.

સોલએજંટ. ઓફ. કે. એલ. કે.

મુંબઈ—કાલબાદેવીરોડ.

પ્રસિદ્ધ દવા વેચનારાઓને ત્યાં મળશે.

श्री शान्तिनाथाय नमः

श्री नवीन उदयभाणु नाटकनो टुंक सार.

अंक प्हेलो.

प्रवेश १ लो—पावनगढना राजा कर्णसिंहना म्हेल आगल भरथरी वेशे बे छोकराओ भजन गाय छे राजा कर्णसिंह, राणी, राणीनी ओरमान दीकरी भाणीबा, तथा राणीनो भाइ सज्जनसिंह सांभळे छे. भरथरीने भीख आपवा मांडे छे. भरथरी भीख लेवा ना पाडे छे, अने नोकरी मागे छे. कुंवरी एक भरथरीने पोतानी तेनातमां राखे छे, तेथी बीजाने राणीनो भाइ सेनापति सज्जनसिंह पोताना दीकरा खोडुभानी तेनातमां राखे छे. राणी अने सेनापति, खानगी मसलत.

प्रवेश २ जो—नाशी गएल माजी दीवान जोगी वेशे, बातमी मळवाथी सेनापति ठार करवा जाय छे. बहाद्दुर दीवान बची जाय छे. छोकराओने रामनवमीओनी एधाणी बतावी जाय छे, राजा आवे छे. अजायबी.

प्रवेश ३ जो—राजाना साळा सज्जनसिंहनो चळेल दीकरो खोडुभा तथा भरथरी छोकरो भाणुजी; पनघट लीला. सेनापतिनी मिजाजी दीकरी मोंघी नानाभाइ लघुभा साथे आवी वरनो वरओळो जाहेर करे छे.

प्रवेश ४ थो—व्यसनी ठाकोर रामदेजी, तेमना खुशामतिया, अने वडारणो, जंगलमां देवळ आगळ, कुंवरी भाणीबा

વાઘના શિકારે, ભરથરી વેશવાળો સિપાઈ થયેલ ઉદયસિંહ કુવરીને બચાવે છે, પરાક્રમથી મોહિત કુંવરી, રામદે કુંવરીનું માગું કરવા પોતાના ચારણ કવિદાને મોકલે છે. કુંવરી સિપાઇ ઉદયસિંહની પાછળ જાય છે.

પ્રવેશ ૫ મો—સેનાપતિની મિજાજી દીકરી મોંઘી તથા તેનો જડસો વર જસાજી; ચાકર પેમલો અને ચાકરડી પેમલી. વઢવાડ અબોલા, પાછળથી સેનાપતિ અને ખોડુભા, જસાજીને ઠપકા, મોંઘીની વર પાસે માંગણી.

પ્રવેશ ૬ ઠો—ઉદયસિંહ ઝુંપડીમાં ભાઇની વાટ જુએ છે. ભાઈને બદલે કુંવરી; ગભરાટ, વાતચીત, એક તરફી કુંવરીનો પ્રેમ, ઉદયસિંહ કચેરીમાં જાય છે. ઝુંપડી જોઇ પરમ પ્રેમાળ કુંવરીના વિચાર.

પ્રવેશ ૭ મો—કર્ણસિંહની કચેરી, વાઘ મારી કુંવરીનો જીવ બચાવનાર સિપાઇ ઉદયસિંહને ઇનામ, સેનાપતિની અદેખાઇનું બીજ, કવિદા ચારણનું રામદેજી માટે કુંવરીનું માગું. લડાઈની તૈયારી; કુંવરી અને ખોડાજીની પરિક્ષા, બુધા શાસ્ત્રી ખોડુભા, ઉદયસિંહના આ સંબંધી ઉત્તમ વિચાર.

પ્રવેશ ૮ મો—સેનાપતિની અદેખાઈ, ઉદયસિંહને ઠાર મારવા વિચાર, રાણી, ભાઇ બહેનને ચઢાવે છે, ખોડુભાના લગનથી કુંવરીના હાથ સાથે રાજ મેળવવા ધારેલું રાજ્ય જશે એમ ધારી બનેવીને ઠાર કરવા સેનાપતિનો ઠરાવ, મોંઘીની પોતાના ધણી વિષે ફરીઆદ, સેનાપતિનો જસા-

જીને ઠપકો; પોતાના જમાઇ જસાજી સાથે લડાઇમાંજ પાછળથી ઘા કરવા ગોઠવણુ.

પ્રવેશ ૯ મો—રામદેજીની છાવણી, લડાઇમાં નાચ રંગ, વ્હેમી રામદેની માનતાઓ, કર્ણુસિંહનું લશ્કર આવે છે જોતાં વાંતજ રામદે અને તેના લશ્કરની નાશ ભાગ, વગર મહેનતે મળેલ વિજય માટે રાજાની પ્રભુપ્રાર્થના. જસાજીનો રાજા ઉપર પાછળથી ઘા, ઉદયસિંહ તથા ભાણુજીએ કરેલો બચાવ, જસાજી નાસી છુટે છે.

—— :o: ——

અંક બીજો.

પ્રવેશ ૧ લો—નાઠેલ રામદે, ખુશામતિયા, જસાજી, બારવટુ કરી કુંવરીને ઉપાડી લાવવા ઠરાવ.

પ્રવેશ ૨ જો—ગરબો, કુંવરી, સેનાપતિનો નાનો દીકરો લઘુભા, કાલી કાલી વાતચીત, કુંવરીને બારવટીયા ઉપાડી જાય છે, રાજા અને સેનાપતિને લઘુ ખબર આપે છે. ઉદયસિંહ બારવટીઆની પાછળ જાય છે. સેનાપતિ પાસે ભાણુજીની ઉદયસિંહ પાછળ જવા માગણી. મિત્રજીનો જવાબ.

પ્રવેશ ૩ જો—જંગલમાં જસાજી બ્હારવટીઆ વેશે, કુંવરી સાથે રામદેના લગનની તૈયારી, બ્રાહ્મણુ વેશે ઉદયસિંહ, પાછળથી ભાણુજી, કુંવરીનો બચાવ, રામદે, જસાજી વિગેરેને કેદ.

પ્રવેશ ૪ થો—રાજા અને સેનાપતિ, ઉદયસિંહ અને ભાણુજી કુવરીને બચાવી લાવે છે; જસાજીને કેદ, રામદેને ગધેડે બેસાડી દેશપાર ઉદયસિંહને રામદેનું રાજ બક્ષિસ, કુંવ-

રીના વિવાહ માટે સેનાપતિ અને રાજાના વિચાર, પાછળથી રાણી.

પ્રવેશ ૫ મો—ભાણીબા વિવાહના ઉમંગમાં, મોંઘી સાથે વાતચીત, લઘુ, ઉદયસિંહથી અચાનક મેળાપ, રાજા તથા સેનાપતિ, માતાના દર્શનનું બાનું કહાડી સેનાપતિ વિવાહ રોકે છે. પ્રેમીઓની પડદે વાતચીત.

પ્રવેશ ૬ ઠો—રાજા, સેનાપતિ, રાણી, ભરથરી સાથે વિવાહ માટે કંકાસ. જસાજી માટે મારી. ઉદયસિંહને ઉંઘતાં ઉપાડી દરિયામાં ફેંકી દેવા સેનાપતિ અને જસાજીનો ઠરાવ. ખોડુભા અને લઘુ છાના સાંભળે છે.

પ્રવેશ ૭ મો—જસાજીનું ઘર. પેમલો, પેમલી. મિજાજી મોંઘી સાથે જસાજીની મારામાર.

પ્રવેશ ૮ મો—ઉદયસિંહ તથા ભાણજી. ભાઇઓની ભાભી સંબંધી ઠઠા મશ્કરી. ઉંઘતાં ઉપાડી ઉદયસિંહને જસાજી દરિયામાં ફેંકી દે છે. રાજા અને સેનાપતિ, ભાણજીના માથે ઉદયસિંહને ઠાર મારવાનું કલંક. ભાણજીને દેશપાર. માછલીના મોંમાં ઉદયસિંહ.

પ્રવેશ ૯ મો—ઉમંગમાં ભાણીબા. ઉદયસિંહના માઠા સમાચાર, બેભાન અને ગાંડી. રાજા, સેનાપતિ અને વૈદ્ય, હવા ફેરફાર માટે વૈદ્ય સાથે દ્વારકા મોકલવા ઠરાવ.

પ્રવેશ ૧૦ મો—મેળામાં જતો લઘુભા. સિપાઈને ઘેર ઘોડુ લેવા મોકલે છે. પાછળથી ભાણજી લઘુને મારવાનો ડર બતાવી દરિઆમાં ફેંકવાની વાત જાણે છે. લઘુને લઈ બહારવટે

નીકળી પડે છે. સેનાપતિને સમાચાર, જસાજીને પાછળ મોકલે છે.

પ્રવેશ ૧૧ મો—દ્વારકામાં દરિયા કિનારે માજી દીવાન, તથા કુંવરીના વૈદ્ય, ચમત્કારની ગોઠવણ. ખોડુભા સાથે વિવાહ સારૂ કુંવરીને પાવનગઢ પાછી લઇ જવાનો કાગળ. માછલાના મોંમાં જણાતો ઉદયસિંહ, દીવાન બચાવે છે. ઓળખે છે. ગુપ્ત રાખે છે. ચીત્તભ્રમ કુંવરીની ફાંસો ખાવા તૈયારી, દીવાન બચાવે છે. ચમત્કાર બતાંવી ચીત્ત ઠેકાણે લાવે છે, અને ઉદયસિંહને મેળવવાની આશા આપે છે.

———:o:———

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—ભગવતને ભરૂસે કુંવરી અને સાહેલીઓ. સેનાપતિ, વૈદ્ય અને રાજા ચમત્કારવાળા ઋષિરાયને તેડું. વશીકરણ કરવા આવેલ ખોડુ અને તેમનું કાળું મ્હોંઢું

પ્રવેશ ૨ જો—ભાણજી નજુમીના વેશે મોંઘીની સાહેલીઓ જડી અને પંડયાણી, વશીકરણ કરાવવા ગોઠવણ, સેનાપતિ અને ભાણજી. જસાજી અને મોંઘી ઉપર લઘુને ઠાર કર્યાનો વ્હેમ, સેનાપતિ દીકરી અને જમાઇને ઠાર કરવા જાય છે.

પ્રવેશ ૩ જો—મોંઘીનું વશીકરણ. ભાણજી પથરો આપે છે. જડીની ઉત્તમ સલાહ અને સાચું વશીકરણ, મરડાયેલનો મેળાપ. અને શેતરંજ, રંગમાં ભંગ જસાજીને ઘા, બચી જાય છે.

પ્રવેશ ૪ થો—સેનાપતિ, મોંધીને મારવાની તૈયારી ભાણુજી સેનાપતિનું નાક કાપી નાસે છે. કાળા મ્હોંનો ખોડો બાપ દીકરાનો બેટો ને હસાહસ.

પ્રવેશ ૫ મો—ભાણુજીને લઘુભા, જંગલમાં બહારવટે, દીવાન વૈદ અને ઉદયસિંહજી, બાપ અને બાપ દીકરાનો મેળાપ. જસાજી અને મોંધીની મારી સઘળા વેશ બદલી પાવનગઢ તરફ જાય છે.

પ્રવેશ ૬ ઠો—બાણીઆ આપઘાતની તૈયારી. ઉદયસિંહ રાજધારી વેશે બચાવેછે. પરદેશીપંથીને વિવાહ મંડપમાં આમ ત્રણ.

પ્રવેશ ૭ મો—ખોડાજી અને કુંવરીના વિવાદની તૈયારી, નાક કટો વેવાઇ, ભાણુજીને પકડી લાવવા ઇનામ, ખોડો વરરાજાને પાટવી કરવાની તૈયારી. સજીવન લીલા, બેદનું ભાગવું. સઘળાનો મેળાપ ઉદયસિંહને કુંવરી અને રાજ્યપાઠ વિવાહ અને છેવટનો આનંદ.

દુઃખનું મૂળ!!!

અને

તેને અટકાવવાના ઉપાય !!!

દુઃખ પાપ કરવાથી આવી પડે છે
પાપ કરવાને દળિદ્રતા લલચાવે છે
દળિદ્રતા આળસ કરવાથી આવે છે

અને આળસ તજવાનો સહેલો અને સરળ ઉપાય માત્ર એ-કજ છે કે જેથી આળસ દૂરને દૂરજ ભાગતી ફરે છે.

વળી એવો તે શું ઉપાય છે!

ખબર નથી કે ઉત્તમ ચાહે અથવા આનંદ વર્ધક કૉફી પીધાથી આળસ જતી રહે છે અને મન પ્રફુલિત થાય છે?

માટે.

ભગતબ્રધર્સની કું૦ માં જઇ ઉત્તમ ચાહે અથવા આનંદ વર્ધક કૉફી ખરીદ કરવા આળસ કરશો નહિ.

ચાહે, કૉફી, સેન્ટ, સાબુ, સીગાર, સીગારેટસ વિગેરે જંથાબંધ તેમજ છુટક કિફાયત ભાવથી વેચનાર, મુસાફરીની પેટીઓ વિલાયતી તેમજ ગામઠી બનાવનાર, વેચનાર, તથા દુરસ્ત કરનાર અને જાદુને લગતી હરેક પ્રકારની માહિતી આપનાર.

ભગતબ્રધસની કું૦

ઠો. કાળકાદેવી પોસ્ટ આફીસની સામે નંબર. ૨૦૧

તા૦ ક૦ બહાર ગામના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપીએ છીએ.

મુખ્ય પાત્રોના નામ.

પુરૂષો.

કર્ણસિંહ .... પાવન ગઢના રાજા.
સજ્જનસિંહ .... રાજાનો સાળો નવી રાણીનો ભાઇ, સેનાપતિ.
ખોડુભા, લઘુભા .... સેનાપતિના દીકરા.
જસાજી .... સેનાપતિનો જમાઇ, મેંધીનો વર.
દીવાન .... નાશી છુટેલ નીતિમાન રાજભકત.
ઉદયસિંહ .... બરથરી, રાજાનો ભાણેજ.
ભાણજી .... દીવાનનો દીકરો.
રામદેજી .... વ્યસની ઠાકોર.
કવિદા .... ખુશામતીયો રામદેનો ચારણ.

સ્ત્રી પાત્ર.

રાણી .... કર્ણસિંહની નવીરાણી.
ભાણીબા .... કર્ણસિંહની કુંવરી.
મેંધી .... સેનાપતિની દીકરી, જસાજીની સ્ત્રી.

વડારણો. દાસીઓ. સિપાઇઓ. વારાંગનાઓ વિગેરે વિગેરે.

સ્થળ—પાવનગઢ આસપાસની હદ. અને દ્વારકા.

૨૧૯

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન

ઉદયભાણ નાટકનાં ગાયનો.

સુત્રધાર— મંગલાચરણ.

ત્રાતા તું પ્રભુ! ધણી-શાતા દાતા જગ જનને
તારણ જગ ઉદ્ધારણ સ્વામી! ઘટઘટ પ્રગટ છો અંતર જામી
નમીએ અલૌકિકનાણી—
ભાગ્યવંત છો મહન્ત, જ્ઞાનવંત જીવજંત
સકળ આધિ વ્યાધિતંત, આણતા ઉપાધિ અંત
પરમ પૂજ્ય હે ભદંત! સહસ રહસ દિવસમણિ!

નટીઓ—

જે કરશે તે ભરશે કોઇ શું કહેશે.
બાવળ વાવીને આમ્ર સ્વાદ કેમ લેશે—
કેસુડે વાસ ન મળશે, નહિ કેતકી કદીએ ફળશે,
જે વાવે તેવું લણશે, કરણી સરખાં ફળ દેશે—
કૌવચ સંગતથી રંગત શું રહેશે?
ચંદન ખંડનથી ગંધ અખંડન વ્હેશે.
મદ મધપુડે જે વળશે, મધ ભાગ્ય હશે તો મળશે,
પણ ચટકો તો નવ ટળશે, આ દેશે પરદેશે—

અંક પેહેલો.

ઉદય-ભાણજી— ૧

ટાળ્યા નહીં રે ટળે, લખ્યા જે લલાટે લેખ—ટાળ્યા૦
વાવ્યાં બીજ તે ફળે, કરમે લખ્યું તે મળે—ટાળ્યા૦
દશરથ બાંધેલ તલાવડી, પાણી શ્રવણ ભરે,
ધર્મ કરતાં ધાડ થઇ, આંધળાં ઝુરીતો મરે—ટાળ્યા૦
રઘુવીર ચાલ્યા વનમાં, સીતા રૂદન કરે,
દુષ્ટ ઠગે સતી લઇ ગયો, લંકા પળમાં બળે—ટાળ્યા૦
હરિશ્ચંદ્ર જેવો રાજવી, નીચ ઘર મજુરી કરે,
રાણી વેચી પરઘરે, વેળા ચાહે સો કરે—ટાળ્યા૦

ઉદય— ૨

જેને શીર કીરતાર સમર્થ, વ્યર્થ તે શીદને ડરે, રે...રાણા.
જેવા કેસરી કેરા કુમાર નિડર વન વનમાં ફરે, રે...રાણા.
બાળકને ભૂત કહી ભડકાવે, જ્યાં સુધી સમજણ નાહી...
સમજુ થાતાં ભર્મ ભાગતાં, મર્મ લહે મન માંહિ—વ્યર્થ૦
ઇંડાને બહુ બીક બાજની, જ્યાં સુધી પડદે પડીયાં,
ગુરૂ કૃપાએ પડદો પુટે, ઉડી ગગન ઘર અડીયાં—વ્યર્થ૦
સ્વાંગ પ્હેરતાં સતીઓ મુકે, તનમન પતિને ચરણે,
શરીરસ્વાંગ ધરંતાં સાથે, સઘળું ભગવત શરણે—વ્યર્થ૦

ખોડુભા— ૩

કેવો પુલ ફટાકીઓ હું ફાંકડોરે, અલબેલો કનૈયો વાંકડોરે.
કાન ફાંકડોરે-વાહૂ માંકડોરે (૨) કેવો૦—
હાથે હીરાના વેઢ અને વીંટિયો.
કાને વાળી અને પોંચામાં પુંચીઓ
ખીસામાં રાખું છું અકકલની કુંચીઓ
પ્હોંચી પનઘટપર બજાવું સીટીઓ.(ચપાચસ) કેવો૦—

વડારણો— ૪

શોભા શી કહુંરે, સુંદર શામળાજી
મેલો ફાંકડારે, મનના આંકડાજી; થાઓ ન આકળાજી—
પ્રીતમ ન થઇએ પ્રીતે પાંગળાજીરે
સ્નેહનાં હ્હાથે જોડયાં સાંકળાજીરે
આંટીને ઘુંટી છોડો છેલ—શોભા૦—
પ્રીત સુધારસ અજબરસ, કોઇ વિરલો પી જાણશેરે;
અંતર ઘટની વાસના કોઇ અનુભવી પરમાણશે.
ભાવનાના ભેદ તો, ભગવાન જેવા ભાળશે:
ગાતાં અને ખાતાં પીતાં પણ તાપ ત્રિવિધિ ટાળશે.

ભાણીબા— ૫

કેવી સુંદર સુરત હું તો વારી જાઉં!
અહો લટક ચટક જોઈ હું ઠરી જાઉં!

ભાવે મનથી ને મનથી હું ભજે જાઉં રે–
સુણી વચન વન વગડે લુટાણી છું,
વગર મૂલે અચાનક વેચાણી છું:
બની પથ્થરની પુતળી ઘવાણી છું રે–
મીઠી નજરના દાબે દબાણી છું,
કોણુ જાણેકે શાથી લોભાણી છું;
કયારે નાજુક નગીનો આ પામી જાઉં રે–

પેમલો-પેમલી— ૬

આતે માળું કેમરે રે'વાય, લાડુ ભર્યું ગાડું લુંટાઈ જાય.
મોઢામાં પાણી પાણી થાય, નારેબા નહીંરે નહીં રેવાય–
રોકું તોયે રડયું નારેબા નહીં રે'વાય, જોઇ જોઇ ફેરે ફેફેફેફે
હસી જવાય–
મુઇ બોલી કેમ—મુઆ બોલ્યો તેમ—નારેબા૦—આતે૦—
ટગટગટગ દેખતે ડોળે તાકી રેવરાય કેમ
બબબબ બોલતી જીભે, બંધ તે રેવરાય કેમ
નારેબા જીવતા જીવન બહોત થવરાય કેમ-આતે૦

મોંધી-જસાજી— ૭

સાહેબા સલુણા નાની નણદલના વીરા
લાલ લટકાળા મુને (૨) આછા આછા ઘાટ ઘડાવો—
સરખી સૈયર મળી હાંસી કરે છે,
લાજી મરૂં છું બાઈ (૨) વ્હેલા વ્હેલા સોનીડા તેડાવો—

નાનું શું નાથ એક ઝુમણું ને મહીં ઝીણા ઝીણા
હીરલા જડાવો.
નવસેરો મોતીનો હાર મારા સાહેબા નાનાં નાનાં
નીલમ મુકાવો.
જોગવાઈ જાસ્તી જો હોય મારા વાલમા,
કંકણને માણેકે મઢાવો—
ગરીબ ધણીને બાઇ ઝાઝુ તે શું કહીએ
બસ આટલેથી મન વાળીને રહીએ
મોટો એક ન્હાણો બાઇ સાબ માગી લઈએ—હાડ૦

ભાગીબા— ૮

રસીલો રસીલી ચાંદનીનો સમો સાધી તજી સઘળી ઉપાધિ
ગયા ઉપવનમાં—
ગુપચુપ વાતો કરે, નેન ના ઈસારા કરે,
સંગે હસે હરે ફરે રંગ ધુનમાં—(પછી)
પળમાં રીસાયા છે રસીલા ભાન ભૂલી ભામીની
માનતા મોહન નથી હાથે પગે થઈ માનુની
વેળા રસીલા વહી જશે, પસ્તાવો પાછળથી થશે
માન મોહન! માન, જાશે કાળ કા'ણી રહી જશે.
તુ માન ભલે ના માન મને પરવા નહિ.
જીવ જાન તને નહિં અલગ કરૂં તનથી
પ્રીત વચન વીણા રસના રસીયા મન વસીયા મારેજી—

ભાણીબા— ૯

રાજવી ! જાશો ના તરછોડીને,
અલબેલડા ! મન મેલડા ! ઓ ઘેલડા !
મારા નાજુક જીવનહાર ! અલબેલીના આધાર—હો૦
ખીલેલી પુરે બ્હાર, સરવરપર કળી આ કોમળ
બાળે વરસીને અંગાર, જળ કણ પણ મળીને આગળ
દૂર દૂર જાઓ ગુણ દરીઆ, કોને શરણે આતો કંગાલ
લાલા લાડીલી આ લાચાર, પ્રેમી પંખીણી પાલણહાર—

ભાણીબા— ૧૦

સોને મઢયા સુખપાલ, મેડીને જરૂખા માળ,
હેમને હીરા વીશાળ, એથી શું સુખી સંસાર ?
જાણો જુઠીએ જંજાળ, એથી નહિ સુખી સંસાર—
માળો મજાનો છે પણ પંખીને પાંખ નથી.
આંબો છે લીલો છમ પણ મ્હોરનું તો નામ નથી;
કો'ને શું ? કો'ને શું ? એ આંબે એ માળે,
જોવુંને; રોવુંરે; આઠે પ્હોર; આઠે પ્હોર;
તેવો સમજી લેવો—સ્નેહ વિના સંસાર;
જેવો ભાણામાં જોવો, ગોળ વિના કંસાર—
રમણી રંભા જેવી પણ રસીયાથી રંગ નથી;
બાંકા છબીલાને પણ પરણીપર ઉમંગ નથી;
સંસાર ને; વ્હેવાર; એ બળ્યો, એ બળ્યો—સોને૦

સઋળા— ૧૧

ભૂતળચંદ્ર ! ભૂપરાજ ! નિષ્કલંક રાજતાજ !
તનધન અરપણ પર ઉપકારે શાન્તિ સારે—ભૂ૦
કાન્તિસાર ! અમૃતધાર ! ધર્મ ધારનાર બ્હાર,
શીતળ શીતળ જગ એ ઠારે ચંદ્રરાજ—ભૂ૦

ઓડુભા— ૧૨

વશ નારીને કરવી જો ધારો, ગોખી રાખો સરસ આ ધારો
મારો ભૂંધેથી માર, જોતાં વાંકી લગાર,
રહેશે પાંશરી તો રાંડ, ભલે જાતની હો દાંડ—વશ૦
નહિં મોહી પડો જોઈ મોઢું, રાંડ જાત એ છે રખડતું રોઢું
આજું જેમ જેમ એ ટીપાયે, દહાડે દહાડે એ પાંશરૂ થાયે—

ઉદયસિંહ— ૧૩

પ્રમદા છે પ્રીતિ ભાજન, મન રંજન ભીડ ભંજન
જુગ્તિથી કરીએ જતન, જોઇએ નિત્ય ચઢતો દન
કોઈ ગાય દુઝણી લાવે, ચારો નહિ દુષ્ટ ચરાવે,
પાણી પણ નહિં પીવરાવે, ખાતાં પીતાં અકળાવે
ફળ કો’ તે કેવાં પામે મુરખ જન
દળદર દેગે ને થાયે નર નિરધન—પ્રમદા૦
પાળ્યું પંખી ઉછરંગે, દીન ચાર રમાડયું રંગે
પાલક પલટયો કુસંગે, નાંખ્યું પંખી ખોરંબે

કો’ દુઃખીઆરા પંખીના કેવા દન!
પાલકને કે એ પંખીને ધન્ય ધન્ય—
ચિન્તામણિ રત્ન છે રમણી, વળી પારસમણી મનહરણી
કોમળને કાંચનવરણી, ધીર ગભીર વચન રસ ધરણી,
સંતાપે એ પ્રમદા જે પામર જન
રૂઠયો ભગવત ને ઉઠયો તેનો દન—પ્રમદા૦

વારાંગના— ૧૪

મોરી ધીરેસે ગગરી ઉતાર લીજોરે
તુંમે કસમ પરમેશ્વરકી—મોરી૦
ગગરી ઉતાર લીજો, નયના મીલાય લીજો
અખીયાંસે અખીયાં મીલાય લીજોરે—મો૦
કંકર કુઇયાં, પતાલ પાની
ભરત ભરત બલ ખાય ગઇરે—મો૦

ટેબલો.

અંક બીજો.

આણીબા— ૧૫ (ગરબો.)

કોઈ પ્રેમી દેવાંશી સંભારણું કારણું વારણું જઈએ વારવાર
દેવતાઇ દેખીયે દેદાર, સંસારમાં સાર ઓહો ધન્ય અવતાર
સંસારમાં પારસમણી ચિન્તામણી છે નામના
કામધેનુ, કલ્પતરૂ, રસકુંપી સૌના કામના
અજબકાન્તિ અલખશાન્તિ વેદ કરતા વાચના
છે પ્રેમ નિર્મળ રત્ન જેની નવે ખંડે નામના
પ્રેમી પંખીને ઝંખી ઝંખી જુઓ–કેવાં રંગે ઉમંગે રમે રસિયાં.
લપાઈ છુપાઈને ડાળી ડાળી ઘુમે–મદ માતેલાં રંગીલાં રસિયાં
વ્હાલાથી વ્હાલ અવરનથી આશા–પ્રેમથી પ્રેમ પાણીમાં પતાસાં
પરણ્યાજી પ્રેમ ભંડાર, છે સખી સ્નેહના સાગર.
પરણ્યા સાથે પ્રીતડી, ખાસી અમૃત ખીર
પરનરથી વ્યવહાર તે, ખારૂં ખારૂં નીર
ખીર મુકી ખારા નીર પીવાને જાય,
ફટફટ ફુઅડ એ પુરી પસ્તાય.
પ્રેમરસ પ્યાલો પરણ્યા સાથે પીવાય,
ભવે ભવે ભાગ્ય કળી ખીલેજ જાય—કોઇ૦—

ભાણીબા— ૧૬

સહીઅર મનની મનમાં સમાય મુખથી કે' બા કેમ ઉચરાય
મુખથી નારેબા ના કહેવાય [ઉંહુંહુંહુંહું] મનની૦
ચાંદની ચીન્તવી, વ્હાલાને વીનવી, પ્રેમથી ભીંજવી
કામણને કેળવી, મનડું મેળવી
સજની જો પ્રીતિરસ પીવાય આહ્હા. (૨)
ઓહો આ તે શું કહેવાય—જારે જારે
શાણી હવે તે શું શરમાય—જારે જારે
એ તે બચ્યું શું બોલાય—એં હેં હેં હેં.

ભાણીબા— ૧૭

અલબેલા, લટકાળા, વ્હાલા પ્રીતમ ઠાકોર મારે મન વસિયા
રસ ઘેલા, રીસાળા, બેઠા દેહના દેવળ માંહિ રંગ રસિઆ
પ્રીતિ પંચામૃતે પાતળીયા પખાળુ, વચનને પુલડે વધાવું.
હેતના હીંચોળે હળુ હળુ હીંચાડું હોંસે હસીને હસાવું
શ્રૃગાર સજી સજાવું ભાવે ભોજનની થાળ ધરાવું
હઠનું કચુંબર, રીસનું રાયતું, ચામઠાઈચટણી, વ્હેમ શાકઆઈતુ
બરફી પેંડાને મ્હેસુર પ્રેમ ભાવના
ઘારી પૂરી કચોરી શુદ્ધ સ્નેહ વાસના
ભાવના ભૂખ્યા ઉઠયા દેવ લઈ વાસના
પેંડા પરસાદમાં વ્હેચું છું ઉલ્લાસના—અલબેલા૦—

શાણુજી— ૧૮

માન માયાના કરનારા રે જરી જોને તપાસી તારી કાયા
પુછી જોને તું પંડિત પુરાણારે કોઈના અમરછે લેખ લખાણા
કાચી છે કાયા આ માટીની માયા છે માટીના ખેલ બનાયા
શાણાતો સમજી અલગ થયા, પણ બાળક બિચારા લપટાયા—
લાખોની પાંખો ગઈ છે પીંખાઈ, જેણે મૂછપર લીંબુ ઠરાયા
કાળના કો'વાડેથી કોણ બચ્યું ભલે રાંક ભલે હોય મહારાયા—
સંધ્યાના જેવા રંગ સોનેરી વંધ્યાને લાડ લડાયા
જોબનને તનધન તેવાં સમજવાં, પાણીમાંના પડછાયા—

ભાણીબા—ઉદય— ૧૯

વ્હાલો વિશ્વનો આધાર—નિરાધાર વ્હાર કરશે રે—વ્હા૦
જેનો જેવો પવિત્ર વહેવાર, કિરતાર કર ધરશે રે
દીનાનાથની સંગાથ, જેને વાત શાથી ડરશે રે
ભવફંદના પ્રબંધના સંબંધ, તે બંધ કરશેરે
પ્રેમ પાત્ર માત્રને પ્રભુજી તારશે
શુદ્ધમતિ સતિને શ્રીપતિ ઉદ્ધારશે.
પ્રભુ પાર પાડશે—જુલમી જખ મારશે—વ્હાલો૦

ભાણીબા— ૨૦

જગ સંપત્તિમાં જુવતીને સુખ નહિં જરીરે;
મન ગાડાને ગાળે સંપત્તિ મળી મળીરે.

(૨૩)

અથવા સંપત્તિ જગ ગાડામાં ધરી ધરી રે;
સુખ ભમરી સારૂ લુચ્છ એ ચંપા કળી કળીરે—
વૈભવ મદમાં જો લપટાએ, નહિં પરમ સુખ પથ પમાયે
બાપુ પ્રથમથી, પાંખ બીડાએ, ઊમંગ રંગમાં કેમ ઉડાયે—
સાહ્યબીને શું ખાશે કે પીશે ? સાહેબ સ્વામીજો રૂઠસે રીસે
બોલાવતાં સગા,સંગીએ બ્હીએ જીવ જાણે કે ઝેર ઘોળીને પીએ
ભામીનિ ભૂષણ પ્રેમ પરસ્પર, સાથે ત્રિજોરી શિયળ સુંદર
જાળવી જાણે જે જગ અંદર, તે ભાગ્યશાળી ભામા નિરંતર—

સાંખી— ૨૧

ભાળાં ભોળાંરે કુમારકા, પરણીને પસ્તાયાંરે,
પ્હેલાં ફુલી ગયાં ફાળકા, હૈડામાં હરખાયાંરે;
ચાર દીન બહુ લાડકાં, મનડામાં મલકાયાંરે,
બન્યાં એકદમ કાળકા, અંતરમાં અકળાયાંરે—
મ્હેં તો જાણ્યું કે બાઈ ફુલડે પુજાઇશું,
ખાજાં જલેબી બાઈ નિત્ય નિત્ય ખાઈશું—
મ્હેં આગળથી, મનમાં ધાર્યું, માન મહી મરડાઈ શું રે
નણદીના વીરાને ઘડી ટીંગળાવી ભાગોળે ભૂ પાઈશું રે
મોહન મળીયા, વાતમાં વહીઆ. ... ...
નળીયા ખખડીયાં, વાણી ઉચરીયાં (લે રાંડ દીવો)
મ્હેં કહ્યું ઉંહું, ઉંહું (૨) ... ...

ચડસમાં ચઢીઆ, ખૂબ કકળીઆ
ઉંહુંનું ઓસડ—ધોકા પડીઆ—પરણી.
પરણ્યો પીટયો પરઘેર ભટકે, ઘરમાં ન ખાવા પીવારે;
વરણાગીમાં વાંકો હીંડે, પતિ એવા કુળ દીવારે;
ઓશીઆળાં ખાઈએ, હૈયે સીઝાઇએ-પડે પીડાઇએ.
તોયે એ બાઇરે-ધોકે ધીબાઇએ—પરણી૦—

ભાણીબા— ૨૨

પીયુજી પધારોરે, સુંદરી સ્વીકારોરે;
રસવંતી એ શામળીઆજી—સંભાળોરે.
મંજુલ મધુર મદન કળી ભાવે—ભાળોરે;
આંખલડી અમ્રત રસ વરસે, પાંખડી પાંખડી તલસેરે—
થાશે લજામણી-અમ્રત ઝરણી, સ્વામી સુધારસ સ્પર્શેરે
અજબ સુધાકર પતિ ગુણ સાગર,
કોક અલૌકિક સ્વર્ગીય સાકર.
અથાગ અંતર રસ રતનાગર—ભાળોરે૦
રસ રાજનાં દર્શન થતાં કોઈ નાદ અદભૂત લાગતો
રગ રગ થઈ રોમાંચમાં ઝણકાર જાદુઈ જાગતો
ગુલતાન અંતર તાનમાં જગ જાળને જીવ ત્યાગતો
પતિ સેવના મંગળમણી મોહન નિરંતર માગતો
સ્વામી સમર્પણ સર્વ આ—સ્વીકારોરે—

ભાણી—ઉદયસિંહ— ૨૩

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો
બોલો બોલો મેના બોલાવે
ડોલો રંગરસિયાજી ડોલો જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવે
મેના તારા વચનની વેણુ વાગી,
લાગી લાગી લલિત લ્હે લાગી
મેના વહાલી મેના કે' ના કહે પણ, જાગી
જાગી જાગી અજબ જ્યોત જાગી.
પ્હેલાં પોપટજી પ્યારા રામજી સંભારો
બ્હા બ્હા મેના શું સતી સીતા વિસારો
ચતુર સુજાણ સીતારામ ઉચરાવે—
પોપટજી પાંજરૂ સોનાનું સજાવું.
લાડલી હું લાલચુ નથી કે લલચાવું
સોને રૂપે શું ભીડ ભીતરની ભાગી—લાગી૦
રૂડા સુડાને રંગે રંગે રમાડું પાંખે ઘાલીને ફળ મીઠાં ખવાડું
ભાવના ભુખ્યા શું ભાવી ભાવના ભુલાવે ?—બોલો૦

જસાજી— ૨૪

હાંરે પુટી બદામની બાઇડીની જાતજ કજાત.
બોલાવે બાકી મારે લાત કરે વાત—હાં૦
ખાવા અને પીવા કહેશે કે મને લાવ્ય લાવ્ય.

પહેરવાને ઓઢવા કેહશે કે પીટયા લાવ્ય લાવ્ય.
મર કે તું જીવ પણ મને તો પીટયા લાવ્ય લાવ્ય—હાં૦

ભાણજી— ૨૫

સર્વાંગે સુંદર ભાભી ખરી, પણ એકજ ખોડ જરી
ખાંપણને ખોડ છતાં પણ રહેવી ભાઇને મનતો પરી—
મુખ ચંદર જેવું સુંદર પણ નકટી
છે નયન કમળ પણ ઉંધી એક પુતળી
કાંચન વરણી પણ દુર્ગંધની બરણી
માંખો બમણે જેમ ગોળ તણી ગરણી
લચકાતી, હરખાતી, એ જાતી, વાટે ખાતી—સર્વાંગે૦

દાઢમ કળીઓ છે દાંત લગીર બોખી
છે વચન કુસુમ પણ ગાળો દે જોખી
છે હંસગતી ગજગમની જરીક રાંટી
ભોળી ભોળી પણ તીખીને ખાટી
ત્રણે તાલ-વાંકા વાળ-સુગરમાળ-ત્રણ તસુ કપાળ.

ભાણી— ૨૬

અહો દિલદાર જરી દેદાર દિવાનીને દેખાડોને
અરે લટકી અધર લટકી મરૂં પટકી જીગર પટકી—
અરે આધાર સુધારસ સાર ચતુરાને ચખાડોને
મુખે અટકી મધુર મટકી અરે છટકી અધર છટકી

દિલની થાપણ ઓળવી, ઘટે ન કરવી ઘાત
પ્રાણ કહો તો પાઠવું, વાલમ કરવા વાત—

બાણી— ૨૭

સૂજ ન પડે રે પિયું ! પ્યારા, હૈયે આંસુ ટપકે ચોધારાં—
ભર વસ્તીમાં નાથ ! નોંધારા,
આવ્યા મરણ શરણના વારા—
બધી મનની મનમાં સમાતી, કળી ખીલ્યા પ્હેલાં કચરાત
આશા ગાય છચોક છુંદાતી—હાં હાં—
અમે પંથી તો જઇએ સ્વદેશે પ્રેમી શેઠ વસ્યા પરદેશે
પુંઠે હીસાબ પાઠવશે—સૂજ૦—

બાણી— ૨૮

આવો ઘર વ્હેલા વ્હેલારે સલુણા સાહ્યબા
ભુલી ગઈ ભાન હું તો વાટય જોતાં વાલમા—આવો૦
મન ગયું ત્યાં—જીવડા જા ત્યાં
નાહક શીદને આભમાં લોટે હે પરાધીન આતમા—આવો૦

---

(૫) ફીનીશમાં સુવાલી મખમલ જેવા, (૬) દેખાવમાં

રોયલ ટોનીક પીલ્સ.

આ ગોળીઓ કેશર-કસ્તુરી-અંબર વીગેરે દેશી ઝાડ પાળામાંથી બનાવવામાં આવી છે.

લોહી શુધારી પાચન શકતી વધારી ધાતુને પુષ્ટ કરી તાકત આપેછે.

શાંધાંમાં થતી કળતર, હાથપગ તથા કમરનો દુખાવો, છાતીમા થતા કફ વીગેરે ફરદોપર જાદુઇ અશર કરે છે.

રોયલ ટોનીક પીલ્સ.

દરેક પ્રકારની નબળાઈ દુર કરી પુરૂષાતન આપે છે તથા ગઈલી મરદાઈ પાછી બક્ષે છે.

સ્વપ્નામાં કે પીશાબમાં જતી ધાતુબંધ કરી વીર્ય વીકારના ગુપ્ત દરદો મટાડે છે.

નબળી પડેલી સ્ત્રીઓનું લોહી સુધારી તંદુરસ્તી આપી ગર્ભ ધારણ થવા યોગ્ય બનાવે છે.

દરેક દવા વેચનાર પાસેથી મળશે.

કીંમત—૩૦ ગોળીની બાટલીનો રૂ. ૧-૪-૦

ગોવીંદજી દામોદરની કું૦

(૫૭ નવી હનમાન ગલી જથાબંધ તથા છુટક દવા વેચનાર—મુંબઈ.)

અંક ત્રીજો.

સઘળાં— ૨૯

શાણાઓ કહે છે કે સૃષ્ટિનો સાહેબ, સાચા ને લે છે સંભારી
ગુપ્ત પરિક્ષા કરી અજાયબ, આખર લે છે ઉગારી
લાંચે લેવાયે ન દાબે દબાયે, આકીનનો અધિકારી—શાણા૦
દામ વિના પણ શ્રીદામોદર, દે છે પાર ઉતારી,
સાચે સાચી સતી સીતા પ્રભુએ, બળતી આગેથી ઉગારી.
દ્રૌપદીની દીન વાણી સુણીને, વ્હારે ધાયા ગીરધારી—શા૦
પતિ પરાયણા તારામતિ ભીડ, નારાયણેજ નિવારી.
નરસીંહ મ્હેતાની હોંશથી હુંડી, શામળીઆએ સ્વિકારી
કંકોતરી વિના શ્રી કિરતારે, પરણાવી ઓખા કુમારી
છે વિભુજીવંદના અદ્ધર લેશો ઉધારી—

ભાણીઆ-સાહેલી— ૩૦

આજે સોનાના સૂરજ ઉગ્યા હો રંગ ભીના
મારા મદન મોહન મદ ઘેલા, હો પ્રેમ નગીના
મીઠાં મીઠાં પ્રેમ રસ ચાખીએ કુંવરજી.
પરણ્યાના લ્હાવા લઈ લઈએ મોહનજી
ભોગવો આવા વિલાસ રંગે
અમો આશીશ દઈએ ઉમંગ સંગે
કદી વિસરશો નહિં આરે—હો પ્રેમ પ્રવિણા—આજે૦

ભાણી-ઉદય—　　　　　૩૧

ભરૂસે ભૂલી હું તારે વિશ્વાસે હરિ તું મારે
પાર ઝેર પ્યાલો પાડે-વિલાડ઼ની વરશી વળાવે—ભ૦
ઝાઝી ગઇ થોડી રહી, સદા આવી રહેવી નથી
ઘડી બે ઘડીને માટે, મૂઢ કાં બગાડે મતિ,
હરિરે તને કેમ તારે, ભરૂસો પાકો ક્યાં તારે—

ભાણીબા—　　　　　૩૨

વન વગડામાં ભૂલી પડી ત્યાં, અમ્રત પ્યાલો પીધો રે
પીધો લીધો સાર સૃષ્ટિનો, કોલ અમર ત્યાં કીધોરે—પંથી
પરદેશી.
અંધવચ્ચ વગરે વીજું કરડયો, ઝેર ચઢયું છે અંગેજી.
કોઇ મુરલીધર મંત્ર ભણે તો, શીતળતા થાય સંગેરે—પંથી-૦
દુનિયા મારી ચેષ્ટા કરતી, ને ગાંડામાં ગણતીરે.
હું ગાંડી કે દુનિયા ગાંડી, આપ કરી દો ગણતીરે—પંથી૦

ઉદય—　　　　　૩૩

અમર રહો તે નરનારી જે શીયળ દીપક સંભારે રે.
અમુલખ દીપક અખંડ રાખે, વિરલાં જોડાં સુખીયાં તે—
જળચર સારસ અવર પંખીડાં, જોડેથી મદ માતાંરે
તેમજ અરસ પરસ પતિ પત્નિ, હરનીશ રહે હરખાતાંરે—

ધન્ય ધન્ય એ દીવ્ય દંપતી, સંપત્તિમાં સુખ માણેરે
વિપત્તિમાં જે પ્રિત સરવર જગ, પ્રેમેથી પા જાણે રે—

ભાણુ—ઉદય--   ૩૪

પંથી પરદેશી ચિત્ત સોંપી હું આ ચા........લી—
મનને ભાવે તે કરજો હે પૂન્ય શા.........લી—
તરસ્યાને ટીંગળાવવા, પડદે રાખી પ્રીત,
પૂછું પ્રવીણ પંથીએ, કોણ ગામની રીત--
શુભ સંદેશા લઈ સંચરજો હું આ ચા......લી—
માહા મહિનાનું માવઠું જંગલ મંગલ ગીત,
સમય વિનાનું બોલવું, ત્રણેની એક રીત.
વેલા મંડપ માંહી મળજો હું આ ચા.........લી—

(સજીવન લીલા.)

પ્રસ્તાવના—જગરાય જ્યારે રૂઠે, સત સંગત પ્હેલાં તુટે,
દુર્બુદ્ધિ દીલમાં ઉઠે, દુરજન વળગે બહુ પુંઠે—
મળી લબાડ લોકો લુટે, સાચા બોલા શીર કુટે,
સંસાર સુખ ચોખું ટે, ચંડાળ દુકકર ચુથે,
દ્રષ્ટાંત દાખવું પુંઠે, સાંભળતાં ભવભય છુટે—

૧—પુરી એકમાં રાજવી પ્રૌઢ પ્રાણી,
હતી વિધવા તેહને બહેન શાણી.
વળી રાજપુત્રી સતી ગુણવંતી;
મુઇ માત મુકી સતી સત્યવંતી.
નવી રાણીના પાસમાં રાય મોહયો;
નહિં જુગિતથી સત્યનો પંથ જોયો.
હતો રાણીના ભ્રાતનો પુત્ર નાનો;
મહા મૂર્ખ ચુડામણી એ પ્રમાણો.
વિચારે વરાવી સુકન્યા ઉમંગે;
અને મેળવું રાજ્યને પાટ સંગે.
એક દિવસ તે નરપતિ, ભાણાનો લઇ હાથ
પુત્રી સાથ મિલાવતો, ત્યાંથી વધકી વાત—

મામાને ભાણો વહાલો, દુષ્ટોનો જો જો ચાળો
કોમળ શીશુ કલગી વાળો, દુરજન મન નાગજ કાળો
પાપીનાં મોઢાં બાળો, ધુળ નાખી આગળ ચાલો.

૨—સતી વિધવા સંતાપવા, પામર કરે વિચાર
કલંક ચઢાવે કારમું, લાજે નહિં લગાર
દીવાનજી દાનો હતો, રાજાનો ભાયાત

વિધવા તેને સમજતી, સાચો ધર્મનો ભ્રાત
કપટે સતિની સોડમાં, સૂવાડે ચંડાળ
બોલાવી નરપતિ તીહાં, કરતાં હાલ હવાલ.
ભોળો ભૂપ નિર્દોષને, કરવા વગડે ઠાર
મારા સાથે મોકલે, કરગરતી સતીનાર—

ભાઈ ભોળો આ ભગિનિને, બાળરંડા નિરાધાર, આધાર એકજ શ્રી હરી.
વિશ્વ સકળ વેરી થયું, નીચે ધરતી ઉપર આભ. ગાભ જોતાં થાઉં ગાભરી.
બેસતાં સાહુસ બાવળ ડાળે, પાછળ સાલ પેઠે નિત્ય સાલે.
કારમું કલંક સુણી ભાઇ ભોળા મરૂં છું છળી—

૩—ભંભેરાયો ભૂપતિ, કથન સુણે નહિ કાન
નિરમૂળ કરવા મોકલે, બાળક બ્હેન દીવાન
મારા મારી ભગિનિને, કુવે કુંવરને સહાય
બંધુકથી દીવાનને, બચ્ચાં ઉગરી જાય
મરતાં માતા ઉચ્ચરે, કરૂણા વચન વિશાળ
ક્યારે ડાળે ન્યાળતી, નિરાધાર તે બાળ--

ઝાડ પ્હાડને પંખ પંખેરૂ, જાળવજો મુજ બાળ જો જો
ભાઇ કોપ્યો પણ બ્રહ્માંડ મારૂં સૌ લેજો સંભાળ જો જો
હરિના બાળક આપણ સઘળાં, હરિ કરશે રે સવાલ જો જો
આખર હાલત છે આ સૌની, થાજો પ્રભુના લાલ જો જો

૪—દીવાન દાને જાળવ્યા, ભાણો સૂત સમાન
ભરથરી વેશે મેળવ્યું, મહિપતિ પાસે માન
કુંવરી રાય ઉગારતાં, મહિપતિ મન હરખાય
કન્યા દેવા કોડથી, લોકપતિ લલચાય
ભાઇઓ સૂતા ભાવથી, ઉરમાં બહુ ઉમંગ
પાછો આવો પાપીઓ, પાડે રંગમાં ભંગ
અડધી રાતે ઉચકી, ભાણાને બે બાન
દરિયામાં ડુબાડતો, નીચ નફ્ટ નાદાન
દીવાન પૂત્ર દોષિત ઠર્યો, કર્યો દેશની પાર
નરપતિ આગળ ઉચ્ચરે, વિનય વચન લાચાર—

ભક્ત ભીડભંજના સુભાગી શામળા, એ...વેગે વિદારો વિટંબના
પ્રહુલાદ તારવા સમાન, કેળવો કળા—એ૦—
મુર્ખ માનવી ભલે મમત્વમાં મરે—એ૦—
ટાળતાં લલાટ લેખ ના કદી ટળે—એ૦—

પ—સતિઆનો સંગાથ આ, જગપતિ લીલા ગાય
પસ્તાઇ સાચાં સાક્ષીઓ, સાક્ષી પુર્યે જાય—

રામનું રખોપું જેને રાખી રહે, તેને પામર નર શું મારતા
સાચી નીતિથી કરૂણાસાગર, આખર આવી ઉદ્ધારતા—

સઘળા— ૩૫

આજે આનંદ આનંદ, નીતિનો જયજયકાર
ઉમંગે મળી ગાઓ જયકાર (૨)
પ્રીતિ સહકાર ખીલીને અપાર
મધુર મધુર શાન્તિ ફળ દાતાર—વ્હાવારે૦—
પ્રેમીનાં પવિત્રને વિચિત્ર ચિત્ર ગાતાં ચિત્ત હરેરે
ધન્યરે વાણિ! ધન્યરે પ્રાણી વ્હાવારે૦—

સમાપ્ત.